**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી**

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૦/૬/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# આગ/અકસ્માતની ઘટનાથી બચવા શું કાળજી રાખવી તે વિશે ચેમ્બર દ્વારા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં અવેરનેસ સેશન યોજાયું

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા સચિન ઇન્ડસ્ટ્રીયલ કો–ઓપરેટીવ સોસાયટી લિમિટેડના સંયુકત ઉપક્રમે આજરોજ સાંજે ૪:૦૦ કલાકે સચિન ઇન્ડસ્ટ્રીયલ કો–ઓપરેટીવ સોસાયટી ખાતે 'ફાયર અકસ્માત અને ફાયર એનઓસી' વિશે અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગના નિવૃત્ત નાયબ નિયામક શ્રી એલ.કે. ડુંગરાણીએ આગ / અકસ્માતની ઘટનાથી બચવા શું કાળજી રાખવી જોઇએ તે અંગે વકતવ્ય રજૂ કરી માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ કાર્યક્રમમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, શહેરના રહેઠાણ તેમજ ઔદ્યોગિક વિસ્તારમાં આગ / અકસ્માતની ઘટનાને અટકાવવા માટે તેમજ તેનાથી બચવા માટે આવા પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવાનું જરૂરી બને છે. ભવિષ્યમાં અન્ય વિસ્તારોમાં પણ અવેરનેસ માટે કાર્યક્રમ કરવામાં આવશે.

વકતા શ્રી એલ.કે. ડુંગરાણીએ ખાસ કરીને ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં આગ / અકસ્માત સંબંધિત પ્રિવેન્શન ઉપર ભાર આપતા જણાવ્યુ હતુ કે, કારખાનામાં કામ કરતા કામદારો પણ કારખાનેદારના પરિવારનો જ ભાગ છે. આથી કામદારોની સલામતિની સૌપ્રથમ જવાબદારી કારખાનેદારોની બને છે. કારખાનેદારની પ્રોપર્ટીમાં જયારે ઘટના બનતી હોય ત્યારે નુકસાન માત્ર કારખાનેદારને જ નહી પણ સરકાર પણ નુકસાનીનો ભોગ બને છે અને આની અસરો જીડીપી ગ્રોથ ઉપર પણ પડે છે. આગ/અકસ્માતના બનાવો કારખાનામાં નહી બને તે માટે તકેદારીના પગલા જેવા કે લુઝ કનેકશન અટકાવવુ, ઓવર લોડીગ અટકાવવું, સ્ટાન્ડર્ડ પ્રકારના ટુલ્સ અને સાધનોનો ઉપયોગ કરવો તથા તમામ પ્રકારના ફયુઝ બોકસ, કનેકટરો, પેનલ બોર્ડ વિગેરેની ઇલેકટ્રીશિયન

એન્જીનિયર પાસે યોગ્ય સમયાંતરે ચેકીગ કરાવવા સૂચન કર્યુ હતુ. તેમ છતાં કોઇ બનાવ બને તો યોગ્ય પ્રકારના અગ્નિશામક સાધનોનો ઉપયોગ કરવાનું જણાવ્યુ હતું. એના માટે તેમણે હમેશા અગ્નિશામક સાધનો આઇએસઆઇ માર્કાવાળી અને સ્ટાન્ડર્ડ કંપનીના જોઇને ખરીદવા અનુરોધ કર્યો હતો. તેમણે કારખાનેદારોને ટકોર કરી હતી કે, સંકટ સમયે કારખાનામાંથી બહાર નીકળવાના એક કરતા વધુ રસ્તા હોવા જોઇએ. તમામ પ્રકારનું ઇલેક્ટ્રીફીકેશન ફરી વખત ચેક કરાવવું જોઇએ.

તેમણે અગ્નિશામક સાધનોના પ્રકાર અને આગના પ્રકાર વિગેરે બાબતે વિસ્તૃત માહિતી પુરી પાડી હતી. કયા પ્રકારની આગમાં કયા પ્રકારની અગ્નિશામક બોટલનો ઉપયોગ કરવો એ અંગે સમજણ આપી હતી. તેમણે કારખાનેદારોને બી અને સી પ્રકારની બોટલ સ્ક્રેપ કરવાનો અનુરોધ કર્યો હતો અને કારખાનામાં એ, બી, સી અને ઇ પ્રકારની આગ લાગવાની શકયતા વધારે હોવાથી એના માટે એ, બી, સી પ્રકારની બોટલ, કાર્બનડાયોકસાઇડની બોટલ અને ફોર્મની બોટલનો ઉપયોગ કરવા વિશે માર્ગદર્શન આપ્યુ હતુ.

શ્રી ડુંગરાણીએ કારખાનેદારોને ફાયર એનઓસી નેશનલ બિલ્ડીગ કોડ અને ગુજરાત ફાયર પ્રિવેન્શન તથા લાઇફ સેફ્ટી રૂલ્સ અન્વયે જરૂરી કાર્યવાહી કેવી રીતે કરવી તથા એનઓસી લેવાની તમામ પ્રક્રિયા વિશે માહિતી આપી હતી. કારખાનેદારો તથા કામદારોને વધારે સમજણ પડે તે માટે તમામને આ અંગેના લીટરેચર પુરા પાડયા હતા.

તેમણે સુરત શહેર અને જિલ્લામાં અત્યાર સુધીના બનેલા બનાવોની પણ ચર્ચા કરી હતી. ત્યારબાદ સલામતીની જરૂરીયાત શું છે એ વિશે પણ વિસ્તૃતપણે સમજણ આપી હતી.